Department of
Education

GOVERNMENT OF
WESTERN AUSTRALIA

# કારકિર્દીઅંગે સંવાદ

## માતાપિતા અને સંભાળકર્તાઓ માટે માહિતી

**ઘણાં યુવાનોને  કારકિર્દીનો સાચો માર્ગ પસંદ કરવા માટે ઘણી વિચારણા અને સંશોધનની જરૂર પડે છે.**

શિક્ષણ અને કારકિર્દીની આકાંક્ષાઓ ઘણીવાર યુવાનો કેવીરીતે વિચારે છે તેના આધારે ઘડાય છે  જેમ કે,પોતે અન્ય લોકો સાથે કેવી રીતે બંધ બેસશે  તેના દ્વારા અને તેમના માતાપિતા, સંભાળકર્તાઓ, શિક્ષકો અને સાથીદારોની અપેક્ષાઓ દ્વારા આકાર પામે છે.

યુવાનોની કારકિર્દીના નિર્ણયોના મુખ્ય પ્રભાવક તરીકે, માતાપિતા, સંભાળકર્તાઓ અને શિક્ષકોએ માધ્યમિક શાળા કરતા ઘણી વહેલી કારકિર્દીની વાતચીત શરૂ કરવાની જરૂર છે.

સંશોધનો દર્શાવે છે કે, કારકિર્દીના સંભવિત વિકલ્પો અંગે લિંગ અથવા જાતિ  પ્રત્યેના પૂર્વગ્રહો છ વર્ષ જેટલી નાની ઉંમરના બાળકોમાં પણ સ્પષ્ટ છે. આવા લિંગ પૂર્વગ્રહોનું એક ઉદાહરણ એ છે કે, છોકરાઓ કરતાં છોકરીઓને કોમ્પ્યુટર અને એન્જીન્યરીંગમાં ઓછો રસ હોય છે એવી માન્યતા છે.

ઘણા યુવાનોને સફળ  વ્યાવસાયિકોની અને દુકાનદારો કે વેપારીઓની વિશાળ શ્રેણીને મળવાની તક  હોતી નથી અને તેઓને વિવિધ કાર્યો કરતાં વિવિધ આદર્શો વ્યક્તિઓનાં સંપર્કમાં આવવાની તકોની જરૂર હોય છે.

### તો આપણે કારકિર્દી વિશે  કેવી રીતે સંવાદ કરીશું?

માતાપિતાઓ તેમના યુવાન બાળકોની આકાંક્ષાઓમાં રસ  દર્શાવીને તેમની સાથે કારકિર્દી વિશે વાતચીત કરી શકે છે. નીચેનું ધ્યાનમાં લો:

- તમારાં યુવાન બાળકો સાથે કારકિર્દી વિશે વાતચીત કરવાનો સમય  કાઢો.
- ઊંચી આકાંક્ષાઓને સપોર્ટ કરો  અને તેઓના  'સપનાઓનો ભંગ' ન  થાય એ સુનિશ્ચિત કરો.
- બાળકોના શિક્ષણને કારકિર્દીના માર્ગો સાથે જોડો.
- કારકિર્દીનો ચોક્કસ, અદ્યતન માર્ગ અને શ્રમ બજારની સચોટ માહિતી પૂરી પાડો.
- યુવાનોનું ધ્યાન તેમના માટે ઉપલબ્ધ વિકલ્પો અને માર્ગોની સંપૂર્ણ શ્રેણી વિશેની માહિતી તરફ   દોરો. એક સરસ શરૂઆત છે myfuture (મારુંભવિષ્ય) વેબસાઇટ.

CC BY
Exclusions may apply

| અકારકિર્દી વાતચીત થી શરૂઆત કરી જુઓ | | | |
|---|---|---|---|
| તે એવું શું પ્રાપ્ત કર્યું છે કે જેના પર  તને ખરેખર ગર્વ છે? | કઇ  સિદ્દિધઓએ તને સૌથી વધુ સંતોષ આપ્યો છે? | તું પાંચ વર્ષ પછી તારી જાતને શું કરતાં જુએ છે? | શું એવી કોઇ નોકરી છે કે જે તે જોઇ છે અથવા સાંભળી છે જેમાં તને રસ  લાગે છે?<br>તને તેના વિશે શું આકર્ષક લાગે છે? |
| તારી પાર્ટ-ટાઇમ નોકરીમાંથી તે કઇ  કુશળતા પ્રાપ્ત કરી છે? | જો તારી સપનાની નોકરી ઘરથી ખૂબ દૂર હોય તો, તું શું કરશે? | જો તને કશુંક શીખવાની તક  મળે તો તે શું હશે? | તું વિશ્વ અથવા સમુદાયના કયા પડકારોનો ઉકેલ લાવવા માંગે છે? |

D23/0256774
ફેબ્રુઆરી 2023